ગાંધીનગર સમાચાર

**હવે જિલ્લાને મેલેરિયા મુક્ત બનાવી ઝંપીશુ**

# શહેરના ૩ હજાર જેટલા ઘરોમાં મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રો મળ્યા

## એક સપ્તાહના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૭૨૩ તાવના દર્દીઓ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના ત્રણ હજાર જેટલા ઘરોમાં મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન જણાઈ આવ્યા હતા. આ સર્વેલન્સ દરમ્યાન તંત્રએ ૧૫,૭૧૩ પાત્રોનો સોર્સ રિડક્શન પદ્ધતિથી નિકાલ પણ કર્યો છે.

વાહકજન્ય રોગચાળા અંગે શહેરમાં હાથ ધરાયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સપ્તાહના આજે અંતિમ દિવસે તંત્રને શહેરમાંથી ૭૨૩ જેટલા તાવના દર્દીઓ મળી આવ્યા હતા. જેમના લોહીના નમુના પણ લેવામાં આવ્યા છે.

શહેરી મેલેરિયા તંત્રની ટીમે શહેરના ૬૦,૪૫૭ ઘરોની મુલાકાત લઈ ૩,૧૭,૩૩૦ લોકોને સર્વેલન્સ હેઠળ આવરી લીધા હતા. આ સપ્તાહ દરમ્યાન ૭૨ શાળાઓની પણ ટીમે મુલાકાત લઈ અને પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

તંત્રએ આડકતરો એકરાર કરતાં જણાવ્યું છે કે ૨૬૭૨ જેટલા સ્થાનો પર શહેરમાં વરસાદી પાણી ભરાઈ રહ્યુ હતુ જે ખાડા-ખાબોચિયામાં તંત્રએ દવાનો છંટકાવ કરી એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

શહેરને મેલેરિયા અને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારની યાદીમાં મુકવામાં આવેલ છે અને તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે અને ચોમાસા દરમ્યાન પોરાનાશક કામગીરી સઘન રીતે કરવામાં આવી છે. જે રીત મચ્છરોના લારવા મળી રહ્યા છે તે ચિંતાજનક જરૂરી છે. આ ઝુંબેશ દરમ્યાન ૨૯૫૬ મકાનોમાં પોરા મળ્યા હતા અને આ સિવાય પણ તંત્રએ તેની કામગીરી જે અલગ રીતે કરી હતી તેમાં પણ આટલી જ સંખ્યામાં પોરા મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.



કેવડા ત્રીજ - ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓ વ્રત અને નિયમો જીવની માફક રાખે છે અને પાળે છે... પરિવારના વિકાસ અને કલ્યાણ માટે કુંવારિકાઓથી લઈ અને વૃદ્ધાઓ સુધી વિવિધ પ્રકારના વ્રતો કરે છે જેમાં પતિના આયુષ્ય માટેનું વ્રત 'કેવડા ત્રીજ'નું મહત્વ પણ આજે યથાવત છે... દિવસ દરમિયાન ઉપવાસ રાખી માત્ર કેવડો સુંઘી રાત્રિ જાગરણની તપશ્ચર્યાથી ઉજવાતા કેવડા ત્રીજના પર્વની પૂજાની છાબડીઓ શહેરમાં ઠેર ઠેર જોવા મળતી હતી.

# ઉદ્યોગભવન સંકુલને નર્મદાનુ પાણી અપાશે

## ટુંકમાં જ નર્મદાનુ પાણી આપવા માટે લાઈનનુ જોડાણ અપાશે

ગાંધીનગર તા ૩

ઉદ્યોગ ભવનને નર્મદાનુ પાણી આપવા માટે તંત્રને રજુઆત કરવામાં આવી છે. જેના અંતે તોતિંગ ભવનને નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે ટુંકમાં જ તંત્ર દ્વારા પાઈપલાઈનનુ જોડાણ આપવામાં આવશે. જેથી ભવનના કર્મચારીઓને પીવા માટે નર્મદાનુ પાણી મળશે.

શહેરના સેકટરોમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જેની સાથે ઘટ નિવારવા માટે બોરનુ પાણી પણ પુરુ પાડવામાં આવે છે. જયારે સરકારી કચેરીઓમાં તેના બોરના આધારે પાણીની જરૂરિયાત પુરી પાડવામાં આવે છે. શહેરની સરકારી કચેરીઓમાં પાણીનો બગાડ પણ વિશેષ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે.ત્યારે સરકારી કચેરીઓમાં પાણીનો વપરાશ પણ વધુ થાય છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત તોતિંગ ઉદ્યોગભવનના સંકુલમાં પણ પાણીની જરૂરિયાત વિશેષ રહે છે. ત્યારે ઉદ્યોગભવન તંત્ર દ્વારા ભવનને નર્મદાનુ પાણી પુરુ પાડવા મટે રજુઆત કરી છે. આ મામલે માર્ગ મકાન વિભાગના સુત્રોએ જણાંવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

# હવે જિલ્લાને મેલેરિયા મુક્ત બનાવી ઝંપીશુ

## મેલેરિયા મુક્ત જિલ્લા માટે તંત્ર હવે રોડ મેપ તૈયાર કરશે : ડી.ડી.ઓ.

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાને મેલેરિયા મુક્ત જિલ્લો બનાવવાના સૂચિત લક્ષ્યાંકને નવુ બળ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટથી મળતાં તંત્રમાં ખુશીની લહેર વ્યાપેલી જોવા મળી રહી છે.

સ્પ્રેમુક્ત થયેલા ગાંધીનગર જિલ્લાને હવે મેલેરિયા મુક્ત જિલ્લો બનાવાવના સૂચિત લક્ષ્યાંક સાથે જિલ્લાનો અલાયદો રોડ મેપ તૈયાર કરવાની દિશામાં આગામી દિવસોમાં આગળ વધવાનો સંકેત જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં આપ્યો છે.

આજે તેમણે સર્વેલન્સની કામગીરીના અંતિમ ચરણમાં આ સંકેત આપતાં જણાવ્યું હતું કે પડકાર મોટો છે પણ અશક્ય નથી. આગામી દિવસોમાં "ટીમ ગાંધીનગર" આ લક્ષ્યાંક માટે સજ્જ થઈ જશે તેવો વિશ્વાસ તેમને છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ૮ હજારથી પણ વધુ સ્થાનો પરથી મચ્છરોના પોરાનો નાશ કરી અને ૯૪ ટકા જેટલા લોકોને સર્વેલન્સમાં આવરી લઈ તંત્રએ એક હજારથી પણ વધુ તાવથી પિડાતા દર્દીઓ શોધ્યા છે.

તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અંતર્ગત ૧૧ લાખથી પણ વધુ વસતીને આવરી લીધી છે એટલું જ નહિ એક હજારથી વધુ દર્દીઓ જે તાવથી પિડાતા હતા તેમના લોહીના નમુના મેળવી અને ચકાસણી માટે મોકલ્યા છે. આ ચકાસણીની કામગીરી બુધવાર સુધીમાં પૂર્ણ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. રવિ-સોમની રજાઓને કારણે ચકાસણીની કામગીરીમાં વિલંબ થશે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

જિલ્લામાં પહેલીવાર વાહકજન્ય રોગચાળાના દર્દીઓ શોધવા માટે ઝુંબેશરૂપે કામગીરી કરાઈ અને ૮ હજારથી વધુ સ્થાનોએથી પોરા મળતાં કરાયેલી પોરાનાશક કામગીરીને કારણે લોકોની આરોગ્ય સુખાકારી વધશે તેમ તંત્રના સૂત્રો માની રહ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે પણ સવા બે લાખ જેટલા લોકોને આવરી લેવામાં તંત્ર સફળ રહ્યુ છે. આજે તંત્રની ટીમોએ ૨૪૦૦થી વધુ સ્થાનો પરથી મળી આવેલા મચ્છરોના લારવાનો

● અનુસંધાન પાન-૭ પર

**જ્યોતિષનો ડીપ્લોમા કોર્ષ**

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન સંચાલિત
'શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.' માન્ય
ડીપ્લોમા ઈન જ્યોતિષ કોર્ષ (દર રવિવારે)
ફોર્મ ભરવાની અંતિમ તા : ૮/૯/૨૦૧૬
સંપર્ક : શ્રી વિષ્ણુ વૈશ્નવ - ૯૮૨૪૬ ૪૭૪૩૫

**CENTRAL UNIVERSITY OF GUJARAT**
Sector-29, Gandhinagar-382030
Short Tender Notice for printing of Annual Report
CUG Notification No. 16 Date: 29/08/2016
Sealed tender (two bid system) are invited from the reputed and experienced printers for printing of Annual Report 2015-16. Interested printers may submit tenders complete in all respects on or before 09-09-2016 by 1:00 PM. For details please visit University website: www.cug.ac.in.
Registrar

# વરસાદ સાનુકુળ રહેવાથી શહેરમાં રોપાઓનુ વાવેતર સફળ

## વનતંત્ર દ્વારા શહેરમાં ૨૭૫૦૦ રોપાઓની વાવણી કરવામાં આવી હતી : પાણીની જરૂરિયાત સંતોષાતા તમામ રોપાઓ જીવિત

ગાંધીનગર તા ૩

શહેરમાં ચોમાસા દરમિયાન વન તંત્ર દ્વારા ૨૭૫૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી છે જયારે પુરતા વરસાદના કારણે આ વર્ષે વાવેતરની કામગીરી સંપુર્ણ સફળ રહી હોવાનુ પણ વનતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે. રોપાઓની વાવણી બાદ મહીનાના અંતે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે તમામ રોપાઓ જીવિત હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

ગ્રીનસીટીની હરિયાળી જાળવી રાખવા માટે અને શહેરને બેરન સીટી બનતુ અટકાવવા માટે વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ રોપાઓની વાવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન પણ ગાંધીનગર રેન્જમાં વનતંત્ર દ્વારા હજારો રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે ગાંધીનગર શહેરમાં પણ રોપાઓની વાવણી માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આ જગ્યામાં ઝડપથી ઉછેર થાય તેવા વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી હતી. શહેરના મુખ્ય રસ્તાઓની આસપાસ તેમજ સેકટરોના આંતરિક રસ્તાઓ પાસેની ખુલ્લી જગ્યામાં વનતંત્ર દ્વારા રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ હતુ. જયારે શરૂઆતના તબક્કે વરસાદ પુર્વે એડવાન્સ વાવેતર પણ કરી દેવાયુ હતુ આ માટે ખાડા ખોદી તૈયારી કરી દેવાયા હતા. જયારે એડવાનસ વાવેતરના અંતે વરસાદ ખેંચાતા વનતંત્રમાં ચિંતા પ્રવર્તી હતી. જેથી ટેન્કર મારફતે પણ પાણી સપ્લાય કરવામાં આવ્યુ હતુ. આખરે પુરતો વરસાદ થતા રોપાઓની વાવણી સફળ રહી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. શહેરમાં ૨૭૫૦૦ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે હાલમાં જ તંત્ર દ્વારા હાથ ધરાયેલા સર્વેના અંતે તમામ રોપાઓ જીવિત હોવાનુ ધ્યાને આવ્યુ છે. વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ વરસાદ સારો થતા રોપાઓને જીવતદાન મળ્યુ છે. જયારે સો ટકા વાવેતર સફળ રહયુ છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com